**સુરતના ચોથા અધિક જિલ્લા અને સત્ર ન્યાયાધીશશ્રીની કોર્ટમાં.**

<u>ફોજદારી પરચુરણ અરજી નં.૧૫૪૩/૨૦૨૬.</u>

આંક—......

અરજદાર/આરોપીઃ પિયુષ જગદીશભાઇ નાયકા
ઉં.આ. ૨૯ વર્ષ, ધંધોઃ મજુરી,
રહેવાસી—નવો હળપતિવાસ, પારડી કણદે,
સચીન, જી.સુરત.
હાલ—જીલ્લા જેલ લાજપોર, સુરત.

**— વિરુદ્ધ —**

સામાવાળાઃ શ્રી સરકાર.

***<u>બાબતઃ</u> બી.એન.એસ.એસ.ની કલમ ૪૮૩ (૧) મુજબની વચગાળાની જામીન મેળવવાની અરજી.***

હાજર રહ્યા—
અરજદાર/આરોપી તરફે વિ.વકીલ શ્રી એસ. બી. પવાર.
સામાવાળા તરફે વિ.એ.પી.પી.શ્રી ટી. એ. પંચોલી.

**— JUDGMENT —**

૧. હાલના કામના અરજદારની અરજીની ટુંકમાં વિગત એવી છે કે, અરજદાર/આરોપી સચીન પો.સ્ટે. ના ગુ.ર.નં.૧૧૨૧૦૦૫૪૨૪૨૫૩૩/૨૦૨૪ થી બી. એન. એસ.ની કલમ ૧૦૩ (૧), ૧૧૮ (૨), ૩૫૨, ૫૪ તથા જી. પી. એકટની કલમ ૧૩૫ (૧) અન્વયેના ગુનામાં તા.૦૮/૧૦/૨૦૨૪ થી જયુડી. કસ્ટડીમાં છે અને તે ગુનાની તપાસ પુર્ણ થઇ જતા ચાર્જશીટ થયેલ છે અને તેને સેશન્સ કેસ નં.૬૩/૨૦૨૬ આપવામાં આવેલ છે.

તેઓએ હાલની અરજી અરજદાર/આરોપીને તેમની માલિકીના ચાલી પ્લોટમાં પ્રધાનમંત્રી સરકારી આવાસ યોજના અંતગર્ત મકાન બાંધવા, ફોર્મ ભરવા અને સબસીડી મેળવવાની કાર્યવાહી કરવા અરજદાર/આરોપીની

જરૂરીયાત હોય દિન–૧૫ ના વચગાળાના જામીન ઉપર અરજદાર/આરોપીને મુકત અરજ કરેલ છે.

અરજદાર/આરોપીએ તેમની અરજી સાથે નિ.નં.૩/૧ થી ૩/૬ સુધીના દસ્તાવેજી પુરાવામાં એફ.આઇ.આર.ની કોપી, જે પ્લોટ ઉપર બાંધકામ કરવાનું હોય તે પ્લોટના વેરાબીલની અસલ, અરજદારના આધાર કાર્ડની નકલ, ચાર્જશીટના અડધીયાની નકલ, CRMA/S No.1146/2025, CRMA/S No.5950/ 2025, CRMA/S No.8086/2025, R/CRIMINAL MISC. APPLICATION (FOR TEMPORARY BAIL) NO.24152 OF 2025 ના હુકમોની નકલો રજુ કરેલ છે.

૨. આ કામે સામાવાળાને નોટિસ કરતા સામાવાળા તરફે વિ.એ.પી.પી.શ્રી હાજર થયેલ છે અને સદર કામે પી.આઇ.શ્રી પી. એન. વાઘેલા, સચીન પો.સ્ટે.નાઓએ આંક–૪ થી તેમનો નકારાત્મક લેખિત રીપોર્ટ રજુ કરેલો છે.

૩. અરજદાર/આરોપીના વિ.વ.શ્રીએ તેમની અરજી મુજબની રજૂઆત કરી વધુમાં જણાવેલ છે કે, અરજદાર/આરોપી તા.૦૮/૧૦/૨૦૨૪ થી જયુડી. કસ્ટડીમાં છે તેમજ સદર ગુનાની તપાસ પુર્ણ થઇ જતા ત.ક.અ.એ ચાર્જશીટ રજુ કરતા તેને સેશન્સ કેસ નં.૬૩/૨૦૨૬ પડેલ છે.

તેઓએ વધુમાં એવી પણ રજુઆત કરેલ છે કે, અરજદાર/આરોપીને તેમની માલિકીના પ્લોટમાં પ્રધાનમંત્રી સરકારી આવાસ યોજના અંતર્ગત મકાન બાંધવાનું હોય તે માટે ફોર્મ ભરવા, સબસીડી મેળવવા વિગેરે કાર્યવાહી માટે અરજદાર/આરોપીની જરૂરીયાત છે.

તેઓએ એવી પણ રજુઆત કરેલ છે કે, અરજદાર/આરોપી નાસી ભાગી જાય તેમ નથી. નામદાર કોર્ટ જે શરતો ફરમાવે તે તમામનું અરજદાર/આરોપી પાલન કરશે તેવી બાંહેધરી આપે છે. તેમજ સદર ગુનાના કામે તપાસ બાકી રહેતી નથી જેથી પણ અરજદાર/આરોપીને જામીન ઉપર મુકત કરવામાં આવશે તો ફરીયાદપક્ષના કેસને કોઇ વિપરીત અસર થાય તેમ નથી તેમ જણાવી અરજદાર/આરોપીના દિન–૧૫ ના વચગાળાના જામીન મંજુર કરવા અરજ કરેલ છે.

૪. સરકારશ્રી તરફે વિ.એ.પી.પી.શ્રીએ અરજદારની વચગાળાની જામીન અરજીનો વિરોધ કરતા જણાવેલ છે કે, હાલના આરોપી સામે ખુન કર્યા અંગેનો ગંભીર પ્રકારનો ગુનો નોંધાયેલ છે. વધુમાં અરજદાર/આરોપી તથા ફરીયાદી અને સાહેદો એક જ વિસ્તારમાં રહેતા આવેલ છે. જેથી અરજદાર/આરોપીને જામીન આપવામાં આવશે તો ફરીયાદપક્ષના સાહેદોને નુકસાન પહોંચે તેમ છે.

તેમજ, હાલના અરજદાર/આરોપી ગુનાના મુખ્ય આરોપી છે. હાલના આરોપીએ મરણજનારને તેની પાસેના રેમ્બો છરા વડે મરણજનારને ઘા કરી તેનું સારવાર દરમ્યાન મોત નિપજાવેલ છે. જે તમામ કેસની વિગતોને ધ્યાને લેતાં જો અરજદાર/આરોપીને જામીન ઉપર મુકત કરવામાં આવશે તો તે નાસી ભાગી જાય તેમ છે. તેમજ અરજદાર/આરોપીએ તેમની અરજીમાં જે કારણો જણાવેલા છે તે અંગેના કોઇ પુરાવાઓ રજુ કરેલા નથી. તેમજ તે અંગેની કાર્યવાહી તેમના પરીવારજનો કરી શકે તેમ છે.

તેમજ અરજદાર/આરોપી વારંવાર ગુના કરવાની ટેવવાળા હોય અને તેઓની સામે બે ગુનાઓ નોંધાયેલા છે. જેથી સાહેદોને સીધી કે, આડકતરી રીતે નુકસાન કરે/કરાવે તેવી પુરેપુરી શકયતાઓ હોય અને ભવિષ્યમાં નામદાર કોર્ટ સમક્ષ હાજર રહે નહિં તેવી પુરેપુરી શકયતાઓ રહેલી હોય અરજદાર/આરોપીની વચગાળાની જામીન અરજી નામંજુર કરવા અરજ કરેલ છે.

૫. અરજદાર/આરોપીની અરજી, બંને પક્ષો તરફે વિ.વ.શ્રીની રજુઆતો તથા ફરીયાદપક્ષે ત.ક.અ. દ્વારા રજુ કરવામાં આવેલ આંક-૪ વાળો રીપોર્ટ ધ્યાને લીધો.

- હાલના અરજદાર/આરોપી સચીન પો.સ્ટે. ના ગુ.ર.નં. ૧૧૨૧૦૦૫૪૨૪ ૨૫૩૩/૨૦૨૪ થી બી. એન. એસ.ની કલમ ૧૦૩ (૧), ૧૧૮ (૨), ૩૫૨, ૫૪ તથા જી. પી. એકટની કલમ ૧૩૫ (૧) અન્વયેના ગંભીર પ્રકારનો ખૂનનો ગુનો નોધાયેલો છે.

- તેમજ, હાલના અરજદાર/આરોપીની સામે અગાઉ પણ બે ગુનાઓ સદર કામે સચીન પોલીસ સ્ટેશનમાં (૧) પાર્ટ-એ-૧૧૨૧૦૦૫૪૨૧૨૯૮૪/૨૦૨૧ થી ઇ.પી.કો. કલમ ૩૨૪, ૩૨૬, ૩૨૩, ૫૦૪, ૫૦૬ (૨) તથા જી. પી.

એકટની કલમ ૧૩૫ મુજબનો તથા (૨) પાર્ટ–સી–૧૧૨૧૦૦૫૪૨૨૨૬૭૬/ ૨૦૨૨ થી પ્રોહી. એકટની કલમ ૬૬ (૧) (બી) મુજબના ગુનાઓ પણ નોંધાયેલા હોવાનું ત.ક.અ.ના રીપોર્ટને ધ્યાને લેતાં જણાય આવે છે.

– અરજદાર/આરોપીએ તેમની અરજીમાં તેમની માલિકીના પ્લોટમાં પ્રધાનમંત્રી સરકારી આવાસ યોજના હેઠળ મકાન બાંધવા અંગેની જરૂરી કાર્યવાહી માટે તેઓની જરૂરીયાત હોય તેઓએ વચગાળાના જામીન ઉપર મુકત થવા અરજી કરેલ છે. જે જોતા, અરજદાર/આરોપીએ તેમની અરજીની સાથે રજુ કરેલા દસ્તાવેજી પુરાવામાં નિ. નં.૩/૨ ને ધ્યાને લેતા તે અરજદાર/આરોપીનું **હાઉસ નં.૧૫૮** છે અને તેની ઉપર સામાન્ય વેરો, વોટર ટેક્ષ, વોટર ચાર્જ, સફાઇ ચાર્જ, સ્ટીટ લાઇટ ચાર્જ વિગેરે વેરા ચાર્જ કુલ્લે **રૂા.૧,૩૯૫.૦૦** સુરત મહાનગર પાલીકા તરફ વસુલવામાં માટેનું વેરાબીલ છે. જે જોતા તેની ખૂલ્લો પ્લોટ અને તેની ઉપર બાંધકામ કરવાનું હોય તેવા કોઇ પુરાવાઓ થયેલા નથી. આથી, અરજદાર/ આરોપીને પ્લોટમાં પ્રધાનમંત્રી સરકારી આવાસ યોજના અંતર્ગત મકાન બાંધવાનું હોય તે માટે ફોર્મ ભરવા, સબસીડી મેળવવા વિગેરે કાર્યવાહી માટેની જરૂરીયાત હોય તેવી રજુઆતો વિરોધાભાસી હોય ગ્રાહ્ય રાખવા પાત્ર જણાય આવતી નથી.

– વધુમાં, ત.ક.અ. ધ્વારા રજુ કરવામાં આવેલ રીપોર્ટ રજુ થયેલ દસ્તાવેજો ધ્યાને લેતાં અરજદાર/આરોપી સામે ખુન જેવા ગંભીર ગુનાનો આરોપ છે અને મરણજનાર તેઓને સમજાવવા જતા મરણજનાર ઉપર આરોપીએ હથીયાર વડે જીવલેણ ઈજાઓ પહોંચાડી તેનું મોત નિપજાવેલાનું જણાય આવે છે.

– વધુમાં ત.ક.અ.એ રજુ કરેલ રીપોર્ટ વંચાણે લેતાં ફરીયાદપક્ષ તથા સાહેદો એકજ વિસ્તારમાં રહેતા આવેલ છે. જેથી જામીન આપવામાં આવેથી ફરીયાદપક્ષ ના કેસને નુકસાન થાય તેવી શકયતાઓ નકારી શકાય તેમ નથી.

– સદર કામે અરજદાર/આરોપીએ અગાઉ કરેલી વચગાળાની જામીન અરજી અ.નં.૧૧૪૬/૨૦૨૪ તથા અ.નં.૫૯૫૦/૨૦૨૫ ગુનાની ગંભીરતાને ધ્યાને લઇ નામંજુર કરેલ છે. અરજદાર/આરોપી તથા ફરીયાદી અને સાહેદો એક જ વિસ્તારમાં રહેતા હોય જે હકીકત ધ્યાને લેતાં ફરીયાદપક્ષના પુરાવા સાથે અરજદાર/આરોપી ચેડા કરે તેવી શક્યતાઓ નકારી શકાય તેમ નથી. અરજદાર/

આરોપીની ગેરહાજરી વિના આ કાર્યવાહી થઇ જ ન શકે તેવી પણ કોઇ હકીકત હાલના તબકકે ગ્રાહય રાખી શકાય તેમ નથી.

આથી, અરજદાર/આરોપી સામે નોધાયેલા ગુનાની ગંભીરતા તથા તેમજ અન્ય ગુનાઓ પણ નોંધાયેલા છે. જેથી અરજદાર/આરોપીને વચગાળાના જામીન ઉપર મુકત કરવામાં આવેથી તેઓ નાશી ભાગી જાય અને ફરીયાદપક્ષના કેસને નુકસાન પહોંચાડે તેવી ફરીયાદપક્ષની દલીલ ગ્રાહય રાખવા યોગ્ય જણાય આવે છે. જેથી ઉપરોકત કારણો જોતાં અરજદારની રજુઆત યોગ્ય જણાય આવતી ન હોય ન્યાયનાં વિશાળ હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**– હુકમ –**

આથી, આ ફોજદારી પરચુરણ અરજી નં.૧૫૪૩/૨૦૨૬ **નામંજૂર** કરવામાં આવે છે.

ઉપરોકત હુકમની યાદી સંબંધિત પોલીસ સ્ટેશનના રીપોર્ટ કરનાર અધિકૃત અધીકારીને જાણ તથા જરૂરી કાયર્વાહી અર્થે મોકલી આપવી.

આ હુકમ આજ તા.૧૦ મી, માહે–માર્ચ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

Date: 10-03-2026
Place: Surat.

(Jayeshkumar Laxmanbhai Shrimali)
4th Addl. Sessions Judge, Surat.
*(UNI No.GJ00672)*